## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**બહેન હુ ભણેલી નથી એટલે હોટલ સુધી જમવા આવવુ પડે છે. થોડુ ઇગ્લીશ આવડતુ હોત તો ઘરે બેઠા ઓનલાઇન ઓર્ડરથી કામ પતી જાય..!**

## ચૌધરી કોમર્સ કોલેજ ખાતે ગુમિંગ સેશનનું આયોજન





ગાંધીનગર, તા. ૧૨
ચૌધરી કોમર્સ કોલેજ ખાતે તારીખ ૧૪ માર્ચના રોજ શનિવારે સી.ડબલ્યુ.ડી.સી. અંતર્ગત વિદ્યાર્થીઓ માટે લેકમે દ્વારા ગુમિંગ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એકેડમી દ્વારા વિદ્યાર્થીઓને ચેકઅપ અંગેનું વિશેષ અને નવીન માર્ગદર્શન આપ્યું હતું. સાથે સાથે ડેમો પણ બતાવવામાં આવ્યો હતો. જેમાં તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલના વિદ્યાર્થીઓની વિધાનસભા ગૃહની મુલાકાત

ગાંધીનગર, તા. ૧૧
આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલના ધોરણ-૮ના કુલ ૧૬૭ વિદ્યાર્થીઓ અને ૪ શિક્ષકોએ વિધાનસભા સત્રની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી. ત્યારબાદ વિધાનસભા સત્રની પ્રત્યક્ષ કાર્યવાહી પણ નિહાળી. શિક્ષણમંત્રી કુબેરભાઈ ડીંડોરે બાળકોની રૂબરૂ મુલાકાત લીધી. જેમાં સારો અભ્યાસ સાથે ચારીત્ર ઘડતર સાથે ઉચ્ચકક્ષાનું શિક્ષણ દ્વારા સમાજસેવા ને દેશ સેવા કરવાનું આહવાન કર્યુ હતુ. અભ્યાસક્રમમાં આવતા વિધાનસભાની રચના અને તેની કાર્યવાહી અંગે બાળકોએ રૂબરૂ મુલાકાત લઈ તેમના જ્ઞાનમાં વધારો કર્યો હતો.

## ગાંધીનગર નાં પર્યાવરણ પ્રેમી બેક્ર મેનેજર ની સર્પ બચાવ પ્રવૃત્તિ ને ''લિમ્કા બુક ઓફ રેકોર્ડસ ૨૦૨૩'' માં સ્થાન પ્રાપ્ત થયું




ગાંધીનગર,તા.૧૨
બરોડા ગુજરાત ગ્રામીણ બેક્ર, પેથાપુર માં બ્રાન્ચ મેનેજર તરીકે ફરજ બજાવતાં પર્યાવરણ પ્રેમી પ્રદીપ સોલંકી ને વર્ષ ૨૦૨૦ માં ગાંધીનગર શહેર તથા આસપાસનાં રહેણાંક વિસ્તારમાંથી ૧૪૪ સર્પ બચાવીને જંગલ વિસ્તાર માં મુક્ત કરવા બદલ તેમની આ નિશુલ્ક કામગીરી નો ''લિમ્કા બુક ઓફ રેકોર્ડસ ૨૦૨૩'' માં સમાવેશ થયેલ છે. ઉલ્લેખનીય છે કે પ્રદીપભાઈ દ્વારા વર્ષ ૨૦૧૮ માં ૧૦૧ સર્પ, ૨૦૧૯ માં ૧૨૯ સર્પ, વર્ષ ૨૦૨૦ માં ૧૪૪ સર્પ, ૨૦૨૧ માં ૧૦૪ સર્પ તથા વર્ષ ૨૦૨૨ માં ૭૨ સર્પ એમ છેલ્લા પાંચ વર્ષ માં ગાંધીનગર માં થી કુલ ૫૫૦ સર્પ બચાવીને જંગલ વિસ્તારમાં મુક્ત કરવામાં આવેલ છે.

# ઘ-૫ પાસેથી રીક્ષા સાથે વાહનચોર ઝડપાયો



ગાંધીનગર, તા.૧૨
શહેરના સેકટર-૨૧ પોલીસ મથક વિસ્તારના ઘ-૫ સર્કલ નજીકથી વાહનચોરીના રીઢા આરોપી જીતુભાઈ માધવદાસ ટેલાણીને ચોરીની સીએનજી રીક્ષા સાથે એલસીબી-૨ પોલીસે ઝડપી પાડી સેકટર-૭ પોલીસ મથકમાં નોંધાયેલા વાહનચોરીનો ભેદ ઉકેલી દીધો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના વાહનચોરીના ગુનાના સ્થળ વિઝીટ કરી જાહેર પાર્કિંગવાળી જગ્યાએ વોચ ગોઠવી અને હ્યુમન ઈન્ટેલીજન્સ દ્વારા અને ટેકનીકલ સપોર્ટના આધારે અનડીટેકટ વાહનચોરીના ગુના શોધી કાઢવા એલસીબી-૨ પીઆઈ એચ. પી. પરમારના માર્ગદર્શન હેઠળ વિવિધ ટીમો બનાવી કાર્યરત કરી હતી. એલસીબી-૨ આર.જી.દેસાઈની ટીમ વાહનચોરીના ગુના શોધી કાઢવા માટે કાર્યરત હતી.તે સમયે હે.કો. બેચરભાઈ અને કોન્સ્ટેબલ નરેશ કુમારને સંયુકત બાતમી મળી હતી કે ઘ-૫ સર્કલ નજીક ઓપર એર થિયેટર ગલ્ પાસે એક શખ્સ કેસરી કલરનો શર્ટ તેમજ ખાખી જેવા કલરનું પેન્ટ પહેર્યું છે.તે શખ્સે કોઈ જગ્યા પરથી રીક્ષા ચોરી કરી સંતાડી રાખી છે. જયારે હાલ કોઈ વાહનચોરી કરવાની ફિરાકમાં છે. જેથી એલસીબીની ટીમ બાતમીવાળી જગ્યા પર પહોંચી જઈને શખ્સને પકડી પાડ્યો હતો. પોલીસે તેનુ નામ પુછતા જીતુભાઈ માધવદાસ ટેલાણી (રહે.ઘ-૪ બગીચા નજીક છાપરામાં, મુળ રહે. સંતોષીનગર છાપરા કુબેરનગર) હોવાનું જણાવ્યું હતું. વાહનચોરી અંગે સઘન પુછતાછ કરતા આજ થી છ એક માસ પહેલા ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પાર્કિંગમાંથી સીએનજી રીક્ષા નં. જી.જે.૧૮.એ.યુ.-૧૪૦૯ ની ચોરી કરી હોવાની કબુલાત કરી હતી.આ ચોરી કરેલી રીક્ષા શખ્સે કલોલ રેલ્વે સ્ટેશનના પાર્કિંગમાં છુપાવી હોવાની માહિતી આપતા તેને સાથે રાખી પોલીસે કલોલ રેલ્વે સ્ટેશન પાર્કિંગમાંથી રીક્ષા કબ્જે કરી હતી. પોલીસે સેકટર-૭ વાહનચોરીનો અનડીટેકટ ગુનો ડીટેકટ થતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ડભોડા રામનગર વિસ્તારમાં મકાનમાંથી રૂ. ૨.૪૫ લાખની ચોરી

ગાંધીનગર,તા.૧૨
ડભોડા રામનગર વિસ્તારમાં રહેતો પરિવાર ગામમાં માતાજીની શોભાયાત્રા જોવા માટે ગયો હતો. તે સમયે ઘર આગળની લોખંડની જાળીને તાળુ મારવામાં આવ્યું હતું. શોભાયાત્રા જોઈને પરિવાર પરત ઘરે ગયો તે સમયે તાળુ તો લટકતુ હતું.પરંતુ અંદર જોઈને જોયુ તો ઘરની તિજોરીમાંથી અજાણ્યા શખ્સો રૂ.૨.૪૫ લાખની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા છે. બનાવ અંગે ડભોડા પોલીસ મથકે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ડભોડાના રામનગરમાં રહેતા સેંધાજી રમતુજી ઠાકોર ખેતી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ત્યારે તેમના પરિવારમાં માતાજીનો પ્રાણ પ્રતિષ્ઠાનો પ્રસંગ હોવાથી ઘરના સભ્યો તાળુ મારીને શોભાયાત્રામાં ગયા હતા. શોભાયાત્રામાં જતા સમયે ઘરની એક ચાવી નિયત કરી રાખેલી જગ્યા પર મુકી હતી અને એક ચાવી પોતાની પાસે રાખી હતી. જયારે શોભાયાત્રામાંથી પરત આવીને જાળીમાં લગાવેલુ તાળુ સહી સલામત હતું. જયારે ચાવીથી તાળુ ખોલીને ઘરમાં પ્રવેશ કર્યો હતો.

તે દિવસે પરિવાર જમી પરિવારને સુઈ ગયો હતો. જયારે બીજા દિવસે પૈસાની જરુરીયાત હોવાથી તિજોરી ખોલીને જોતા અંદરનુ ખાનુ તુટેલુ જોવા મળ્યુ હતું.

જેમાં મુકવામાં આવેલા દાગીનામાં સવા તોલાનો દોરો, સવા તોલાનું સોનાનું લોકેટ, બે ગ્રામની સોનાની સેરો, એક કિલો ચાંદીના કડલા, અઢીસો ગ્રામ ચાંદીની કાંબીયો અને ચાંદીના રમજા સહિત કુલ રૂ.૨.૪૫ લાખના દાગીના ચોરી થઈ હોવાનુ સામે આવ્યું છે. અજાણ્યા શખ્સો ઘરમાંથી સોના ચાંદીના દાગીનાની ચોરી કરી નાસી જતા ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

## વાહનચોરીના ૨૫ ગુનાને અંજામ આપનાર ચોરીની રીક્ષા સાથે રીઢો વાહનચોર ઝડપાયો

ગાંધીનગર, તા.૧૨
ગાંધીનગર, અમદાવાદ અને સાબરકાંઠા સહિતના વિસ્તારમાં વાહનચોરીના ૨૫ જેટલા ગુના આચરીને તરખાટ મચાવનાર રીઢા વાહનચોર અમિતકુમાર ઉર્ફે કાળીયા ને ચોરી થયેલી સીએનજી રીક્ષા સાથે સેકટર-૭ પોલીસ મથકની સર્વેલન્સની ટીમે ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી રૂ.૧.૩૦ લાખની સીએનજી રીક્ષા પણ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં વધી રહેલા વાહનચોરીના ગુનાઓ અટકાવવા અને અનડીટેકટ ગુનાઓ શોધી કાઢવા માટે અસરકારક કામગીરી કરવા માટે સેકટર-૭ પોલીસ મથકના સર્વેલન્સ સ્કવોડના પીએસઆઈ એચ.એ.સોલંકી તેમની ટીમ સાથે પેટ્રોલીંગમા હતા. તે સમયે પોલીસ કોન્સ્ટેબલ બાબુજી મહોતજી અને સિધ્ધરાજસિંહ કરશનસિંહ બાતમી મળી હતી



કે એક શખ્સ સીએનજી રીક્ષા નં. જી.જે.૨૭.ટી.એ.-૦૨૬૭ લઈને ઉભો છે. આ શખ્સ રીક્ષા વેચવાની ફિરાકમાં છે. જેથી પોલીસે સ્થળ પર જઈ તપાસ કરીને અમિતકુમાર ઉર્ફે કાળીયો ઉર્ફે કે.કે. અર્જુનસિંહ વીરસંગજી મકવાણા (ઠાકોર, ઉં.૨૦ રહે.ઘડકન ગામ તા.પ્રાંતિજ જી.સાબરકાંઠા) ને પકડી પાડી તેની પાસેથી બજાજ સીએનજી રીક્ષા નં. જી. જે. ૨૭. ટી.એ.-૦૨૬૭ હતી. પોલીસે રૂ.૧.૩૦ લાખની રીક્ષા કબ્જે કરી પોકેટ કોપ અને ગુજકોપથી તપાસ કરતા રીક્ષા ચોરી અંગે ઓઢવ પોલીસ મથકે ગુનો નોંધાયેલ હતો.

આ શખ્સે રીક્ષાચોરીના ગુનાની કબુલાત કરતા પોલીસે આરોપીની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પેથાપુરમાં જવેલર્સમાંથી સોનાની બુટ્ટી ચોરનાર દંપતિ ઝડપાયુ

ગાંધીનગર, તા.૧૨
ગાંધીનગરના પેથાપુરમાં સ્થિત એક જવેલર્સની દુકાનમાંથી સોનાની બુટ્ટીની ચોરી થઈ હતી. એક દંપતિ બાઈક પર બાળક લઈને આવ્યું હતું. તેઓએ એક બુટ્ટી ખરીદી કરવા માટે માંગી સોનીની નજર ચુકવી દાગીનો લઈ નાસી ગયા હતા. ત્યારે પેથાપુર પોલીસે ચોરી કરી નાસી જનાર દંપતિને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર બજારમાં આવેલી શ્યામ જવેલર્સમાં ગત મંગળવારના રોજ ચોરીનો બનાવ બન્યો હતો. એક દંપતિ બાઈક લઈને તેના બાળક સાથે સાંજના સમયે દુકાનમાં ગયુ હતું .જયારે સોનીની નજર ચુકવી સોનાની બુટ્ટી લઈ દુકાનની બહાર નીકળી ગયુ હતુ.જયારે સોનીએ દાગીના ગણતા અને દુકાનમાં રહેલા કેમેરા ચેક કરતા દંપતિ રૂ.૩૫ હજારની સોનાની બુટ્ટી નાસી જતા ચોરીની ફરીયાદ નોંધાઈ હતી. પેથાપુર પીએસઆઈ એ.એસ.ગામીત અને એએસઆઈ હર્ષરાજસિંહ અને ધર્મેન્દ્રસિંહ સહિતના કર્મચારીઓએ ગણતરીના દિવસોમાં ગુનાનો ભેદ ઉકેલી દીધો છે. પોલીસે બાઈકના નંબરના આધારે તપાસ શરુ કરી હતી. બાઈક માલિક સુધી પોલીસ પહોંચી જતા બાઈક વેચી દીધુ હોવાનું જાણવા મળ્યું હતું. જયારે આરોપી સેકટર-૬ ના પેટ્રોલ પંપ પર નોકરી કરતો હોવાનું જાણવા મળ્યું હતું. ત્યાં પોલીસે તપાસ કરતા નોકરી છોડી દીધી હોવાનું સામે આવ્યું હતું. જયારે પોલીસે વાવોલ ડીફેન્સ કોલોનીના મકાનમાં રહેતા દંપતિને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની પુછપરછમાં આરોપીએ જણાવ્યું હતું કે તેના બાળકને પાર્લરમાંથી દુધ પીવા માટે લાવતા હતા.તેનું રૂ.૬૫૦૦ જેટલુ બીલ બાકી હોવાથી પાર્લરના વેપારીએ દુધ આપવાનું બંધ કરી દીધુ હતું. જેથી ચોરીનો વિચાર આવતા પેથાપુરની જવેલર્સની દુકાનમાં ચોરી કરવા માટે ગયા હતા. જયારે પોલીસે દંપતિ પાસેથી મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ચ-૩ નજીકના ખોદકામથી BSNL ટેલીફોન છ માસથી બંધ હાલતમાં !

ગાંધીનગર, તા.૧૨
સેકટર-૭ના ચ-૩ કોર્નર પર છેલ્લા છ માસથી પીવાના પાણીની કે ગટરની પાઈપલાઈન માટે મોટાપાયા પર ખોદકામ કરીને મોટો ખાડો ખોદેલ છે. જયાં કોઈ કામગીરી મંથરગતિએ પણ ચાલતી નથી. આ ખોદકામ થવાથી સેકટર-૭/ડીના લેન્ડલાઈન તમામ ફોન છ માસથી બંધ પડેલ છે. જે ચાલુ કરવા માટે ટેલિફોન ખાતુ કોઈ પ્રયત્ન કરતું હોય તેમ જણાતું નથી. ટેલિફોન ચાલુ કરવાની ઈચ્છા ધરાવે તો વૈકલ્પિક કેબલ નાંખીને ટેલિફોન ચાલુ થાય તેમ છે છતાં ટેલિફોનના ઈજનેરો કુંભકર્ણ નિંદ્રા ભોગવી રહયા છે.

આ ઉપરાંત પોસ્ટ ખાતા દ્વારા પોસ્ટ બોક્ષ મુકવામાં આવેલ હતું જે ખોદકામ કરતાં તેનો ઉપયોગ બંધ થયેલ છે. જો ખોદકામ કરતાં અગાઉ સંકલન કરેલ હોત તો ટેલિફોન લાઈનો, ટપાલપેટી બંધ જેવી હાલત ના સર્જાત. ખોદકામ કરનાર કંપનીએ રસ્તા પર વ્યવસ્થિત બાંકડા પણ ખસેડેલ ન હોવાથી તે પણ તુટી જવાની હાલતમાં પડેલ છે.

સીનીયર સીટીઝનો માટે બેસવા માટે વ્યવસ્થા કરેલ હતી તે પણ મૃતપાય જેવી હાલત થયેલ છે. પરિણામે સેકટરવાસીઓ ભારે મુશ્કેલી અનુભવે છે. સરકારના વિવિધ ખાતાઓએ સંકલન કરીને મુશ્કેલીઓ દુર કરવા માટે વસાહતીઓ ઈચ્છી રહયા છે.

## ખૂણેખાંચરેથી

● સમાજવાદી પાર્ટીના સુપ્રિમો અખિલેશ યાદવ ગઈકાલે ગાંધીનગરના અતિથિ બન્યા હતા. તેમણે ગીફ્ટસીટી ક્લબ હાઉસમાં શંકરસિંહ વાઘેલાના પૌત્ર નિલરાજસિંહના લગ્નમાં હાજરી આપી હતી.

● ગાંધીનગર શહેરમાં લગ્નસરાની મોસમ પણ પુરબહારમાં ખીલી છે.

● ગાંધીનગર શહેરમાં આજે વાદળછાયુ વાતાવરણ રહેવા પામ્યુ હતુ.

● ગાંધીનગર જિલ્લામાં ૧૪ અને ૧૫ માર્ચ દરમ્યાન હળવો વરસાદ થવાની આગાહી દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગના હવામાન પૂર્વાનુમાનમાં કરવામાં આવી છે.

● ગાંધીનગર મનપામાં મિલ્કતવેરાની આવક ૪૯ કરોડને પાર કરી છે.

● ડભોડામાં તસ્કરોએ બંધ મકાનમાં ઘુસી સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી ફરાર થયાનું પોલીસમાં નોંધાયુ છે.

● ડભોડા ગામે પોલીસે જુગાર રમતા ૮ ઈસમોને પકડી પાડ્યા.

● નહેરૂ યુવા કેન્દ્ર ગાંધીનગર અને જિલ્લા હોમગાર્ડસ યુનિટ દ્વારા આંતરાષ્ટ્રીય મહિલા દિવસ અને એચ.આઈ.વી. એઈડ્ઝ અવેરનેસની ઉજવણી કરાઈ.

● બાહિયલના ઈન્દિરાનગમાંથી પોલીસે કતલખાનુ પકડી પાડ્યુ છે.

● દહેગામના લક્ષ્મીપુરામાં બીજાનો જીવ બચાવવા જનાર યુવાન જ ઈજાગ્રસ્ત થયાની ઘટના નોંધાઈ છે.

● કલોલમાં પોલીસે એક ઈસમને જુગાર રમતાં ઝડપી લીધો છે.

● રાજયના મહેસુલ વિભાગે ૨૯ મામલતદારોની બદલીના હુકમો કર્યા છે.

● ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ના અધિકારીઓનો બદલી કેમ્પ ૧૫મી માર્ચના રોજ ગાંધીનગર ખાતે યોજાશે.

● ૧૪મીથી શરૂ થઈ રહેલ બોર્ડની પરીક્ષાને લઈ જિલ્લાના વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓની એક ખાસ બેઠક જિલ્લા કલેક્ટરે આજે ૧૨ વાગે બોલાવી છે.

● ગાંધીનગર શહેરમાં વન વિભાગ દ્વારા ફેન્સીંગ કરાયેલ વિસ્તારમાં ગંદકીના ખડકલા થયા છે.

● શહેરમાં જાહેરમાં કચરો બાળવાની ઘટનાઓ સતત વધી રહી છે.

● ગાંધીનગર જિલ્લામાં બટાટાની આવક વધી છે પણ અન્ય શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા છે.

● શહેરમાં બટાટાની કાતરી બનાવવાની મોસમ પણ ખીલી છે.



કાર હવે લકઝરી નહી પરંતુ જરૂરીયાત બની ગઈ છે. લગભગ દરેક ઉચ્ચ મધ્યમ વર્ગીય પરિવાર પાસે એકાદ નાની કાર તો હોય જ છે. કાર હોય એટલે એને સંબંધિત જરૂરીયાતો પણ ઉભી થાય છે. દરરોજ ઉપયોગમાં લેવાતી કારને વારંવાર ધોવડાવવાની જરૂરીયાત રહે છે. જેના પગલે શહેરમાં ઠેર ઠેર કાર એસેસરીઝ અને કાર વોશીંગની દુકાનો શરૂ થઈ ચૂકી છે.

## અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી ખાતે "Women Self Defense training"નું આયોજન



ગાંધીનગર, તા. ૧૨
અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયોરીસર્ચ ઈન્સ્ટીટ્યુટ, અડાલજ ખાતે ૯ માર્ચ ૨૦૨૩નાં રોજ invisible NGUના સહયોગથી ''Women Self Defense training'' નું આયોજન કરવામાં આવ્યું હતું. ઈન્ટરનેશનલ વુમન્સ ડે અંતર્ગત યોજાયેલી આ ટ્રેનીંગમાં મહિલાઓ પર થતી જાતીય સતામણીથી બચવા માટે અલગ અલગ ડિફેન્સ ટેકનીક શીખવવામાં આવી હતી. જેમાં ટ્રેનર તરીકે માર્શલ આર્ટ એક્સપર્ટ મિ. અમનદીપસિંહ ગોત્રને એમની ટીમ સાથે આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેમાં સંસ્થાની ૫૦ વિદ્યાર્થીનીઓ તથા ૨ મહિલા સ્ટાફ મિત્રોએ કુશળતાપૂર્વક ટ્રેનિંગ લીધી હતી.

## શ્રી સ્વામિનારાયણ મંદિર સે-૨ ખાતે ૫૦૦ કિલો દ્રાક્ષનો અન્નકુટ ભરાયો



ગાંધીનગર, તા.૧૨
શ્રી સ્વામિનારાયણ મંદિર સે-૨ ગાંધીનગર ખાતે નરનારાયણ દેવ, ઘનશ્યામ મહારાજ, રાધાકૃષ્ણ દેવ, ગણપતિજી, હનુમાનજી તેમજ સિધ્ધેશ્વર મહાદેવમાં પધરાવેલ મહાદેવજી, ગાયત્રી માતાજી, રામ પરિવારને સીઝનેબલ ફ્રુટમાં ૫૦૦ કિલો લીલી દ્રાક્ષ કાળી દ્રાક્ષનો અન્નકુટ ભરવામાં આવ્યો હતો.

જેનો હજારો હરિભક્તોએ લાભ લીધો હતો તેમજ સોશિયલ મીડીયા દ્વારા દેશ વિદેશમાં વસતા લાખો હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

અન્નકુટ દ્રાક્ષનો પ્રસાદ ગરીબ-જરૂરીયાતવાળા સ્લમ વિસ્તારના લોકોને વિતરણ કરવામાં આવ્યા હતા.



ગાંધીનગરના અતિ વ્યસ્ત બની ગયેલા 'ગ' રોડ પર વન વિભાગ વિસ્તારના ઝાડ ખૂબ મોટા થઈ ગયા છે. ઝાડની ડાળીઓ છેક રોડ ઉપર નમી ગઈ છે. આ ડાળીઓને ટ્રીમીંગ કરવાની તાતી જરૂરીયાત છે. વાહનચાલકો અને રાહદારીઓને તે અડચણરૂપ બની રહી છે.

## વિદ્યાપીઠ ખાતે મહિલા સશક્તિકરણનાં સંદર્ભમાં જાતીય સતામણી કાયદા વિષે જાગરૂકતા કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૨
ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા જ-૨૦ અંતર્ગત કાર્યક્રમ અને રાજયપાલના આહવાન આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત અમૃત મહોત્સવમાં યુવાઓનું સંકલ્પ શ્રેષ્ઠ ભારતના પાંચ પ્રકલ્પ અંતર્ગત મહિલા સશક્તિકરણ અને જાતીય સતામણી કાયદા વિષે જાગરૂકતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં મુખ્ય અતિથી તરીકે ડૉ. ગીતાબહેન પટેલ - પ્રોફેસર, ગૂજરાત વિદ્યાપીઠ અને સભ્ય મહિલા સેલ, ગૂજરાત વિદ્યાપીઠ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય વક્તા તરીકે ગાંધીનગર કાનૂની સહાયતા મંડળ અને સેક્રેટરી ગાંધીનગર વસાહત મહામડંળ તેમજ લીગલ પેરા વોલન્ટીયર્સ સુધીરભાઈ દેસાઈ હાજર રહ્યા હતા. વિશેષ અતિથી તરીકે વરિષ્ઠ પત્રકાર નટવરભાઈ પટેલ પણ હાજર રહ્યા હતા. સંચાલન એલીસ ક્રિશ્ચિયન દ્વારા કરવામાં આવ્યું હતું.

સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન ડૉ. નીરજ સિલાવટ જી ૨૦ કાર્યક્રમને કોર્ડિનેટર અને રાસેયો પ્રોગ્રામ ઓફિસર દ્વારા કરવામાં આવ્યું હતું.